Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-2, Issue-5, Continuous Issue-11, January - February 2022

# સાહિત્ય અને શૌર્ય વિશે

કોઈ પણ ભાષાનું સાહિત્ય એક બાજુએ જ્યાં માનવજીવન અને સમાજનાં ઉચ્ચ આદર્શો, મૂલ્યો, પરંપરાઓ તથા માન્યતાઓનું સંવાહક હોય છે, ત્યાં બીજી બાજુ સાહિત્યની તે સંવહન ક્ષમતાઓ વિકાસ તે જ આદર્શો, મૂલ્યો, પરંપરાઓ અને માન્યતાઓનાં આધાર પર જ થાય છે. સાહિત્યનાં નિર્માણમાં દેશકાળની જે પરિસ્થિતિઓ મદદરૂપ થાય છે તે બધાના મૂળમાં આ જ તત્વ રહેલું હોય છે. જે દેશ, રાષ્ટ્ર, સમાજ, સંસ્કૃતિમાં જે તત્વોની પ્રધાનતા રહેલી હોય છે ત્યાંના સાહિત્યમાં પણ તે જ તત્વોની પ્રધાનતા વ્યાપ્ત રહેલી હોય છે. આપણા દેશનું નામકરણ 'ભારત' ઋષિ આશ્રમમાં જન્મેલ શકુન્તલા પુત્ર 'ભરત' નામના જે પ્રતાપી રાજાનાં નામ પરથી થયેલ છે તે ભરત પોતાની બાલ્યાવસ્થામાં સિંહના બચ્ચાની સાથે રમતા હતા અને રમત રમતમાં તેના દાંત પણ ગણી લેતા હતા.

આવા જન્મ-જાત શૂરવીર પ્રતાપી રાજા ભરતથી પ્રખ્યાત આપણું ભારતવર્ષ પ્રાચીન કાળથી જ આત્મજ્ઞાનની શોધમાં રહેલ ઋષિઓ, તત્વજ્ઞાનીઓ તથા અસત્ય પર સત્યની વિજય પ્રાપ્ત કરતા રહેનાર દેવતાઓ, યોદ્ધાઓ અને શૂરવીરોનો દેશ રહ્યો છે. જેની ભાષા સંસ્કૃત રહી છે. આ જ કારણે સંસ્કૃત સાહિત્યમાં જ્ઞાન-વિજ્ઞાનનાં તત્વ વધારે માત્રામાં રહેલા હોવા છતાં પણ શૂરતા-વીરતાના કથ્ય-કથાનકો પણ વિપુલ માત્રામાં રહેલા છે. અહીંયા 'દુર્ગા સપ્તસતિ' થી લઈને 'રામાયણ' અને 'મહાભારત' જ નહીં પરંતુ 'રામચરિત માનસ' અને 'હનુમાન ચાલીસા' સુધી તમામ કાવ્યો-મહાકાવ્યોમાં શૂરવીરતા ભરેલી પડી છે. આવી શૂરવીરતા જે વિશ્વમાં અન્યત્ર મળવી મુશ્કેલ છે.

રાષ્ટ્રના કલ્યાણ માટે શકિત, શૌર્ય તથા નીતિ આવશ્યક છે. ભગવાન મનુનાં કથન અનુસાર 'રાષ્ટ્રના સામર્થ્ય માટે આપણા અસ્ત્ર-શસ્ત્ર પ્રત્યેક સમયે હાજર રહેવા જોઈએ. હંમેશા સૈન્ય શિક્ષણનો મહાવરો કરવો જોઈએ. પોતાની શૌર્ય અને પરાક્રમને પ્રગટ કરતા રહેવું જોઈએ. વિરોધીઓનાં દોષ દુર્બળતા પર હંમેશા નજર રાખવી જોઈએ.' ભારતીય બુદ્ધિ મનુષ્ય જીવનનાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચાર લક્ષ્યો નક્કી કરી તેને જીવનના ચાર પુરુષાર્થો કહ્યા છે. જીવનના પુરુષાર્થોની ઉપલબ્ધિ જે ઉત્સાહપૂર્ણ, સાહસી, તેજસ્વી તથા ઉમદા વિચારોની પ્રેરણાથી થાય છે તેનાથી જ જીવન જગતમાં વીરત્વનું સર્જન પણ થાય છે. સાહિત્ય અને શૌર્યનો નાભિ-નાળ સંબંધ સિદ્ધ કરવા માટે આટલું વિવરણ પૂરતું છે. પોતાના શૌર્યયુગની સંપન્નતાના કારણે સાહિત્ય મનુષ્યનાં જન્મથી મૃત્યુ સુધી જીવનની દરેક પ્રવૃત્તિમાં સાથ-સહયોગ આપે છે.

જ્યારે ભારતીય સૈન્ય દેશના રક્ષણ માટે સરહદો પર ઝઝૂમે છે ત્યારે વીર-ભાવના કવિ પોતાની મજબૂત કલમથી દેશની અંદર પોતાના ગીતો દ્વારા પ્રત્યેક લોકોમાં રાષ્ટ્રીય ચેતના જાગૃત કરવામાં જોડાઈ જાય છે. શૂરવીરતાનો ભાવ 'શૌર્ય' છે. 'શૂરતા' અથવા 'વીરતા'ની નોંધ

લેતા ઉડિયા સાહિત્યમાં કહેવામાં આવ્યું છે કે, અન્યને હરાવવું તે વીરતા નથી, પરંતુ અન્યાયની વિરુદ્ધમાં લડવું તથા ધર્મના રક્ષણ માટે લડવું તે જ વીરતા છે, આથી બે પ્રકારના વીરો મળે છે– એક 'ધર્મવીર' અને બીજા 'કર્મવીર'. શસ્ત્ર ન ઉપાડીને જે રાષ્ટ્ર માટે જીવે છે અને રાષ્ટ્રના રક્ષણ માટે લોકોને પ્રેરણા આપે છે તેમને ધર્મવીર કહેવામાં આવે છે. આ સંદર્ભમાં સાહિત્યકારો ધર્મવીર છે. યોદ્ધાઓ, શૂરવીરો તથા બહાદૂરોની જન્મદાત્રી શસ્ય-શામલા ભારત ભૂમિમાં શૌર્ય અને જીવન એક સિક્કાની બે બાજુઓ છે. વીર જન્મના માટીના કણે-કણમાં વીરતાનું ગીત આદિકાળથી ગૂંજતું રહ્યું છે. 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી'નું દિવ્ય આર્ષ વાક્ય અહીંના સાહિત્યની રગેરગમાં પ્રવાહિત થઈ પ્રાણવાયુ રૂપે વહે છે. મા ભારતીના ચરણમાં વીર-વીરાંગનાઓએ પોતાના પ્રાણનું બલિદાન કરીને આવનારી પેઢીઓ માટે ગૌરવશાળી ઇતિહાસની સુદ્દઢ ભૂમિકા તૈયાર કરી છે.

જીવનની વિભિન્ન પરિસ્થિતિઓ મનુષ્યના વ્યક્તિત્વને ઘડે છે. પ્રત્યેક પ્રાણી કે મનુષ્ય પોતાના જીવનનાં સંઘર્ષોથી ઘડાઈને-તપીને પોતાનો માર્ગ બનાવે છે. જયારે તેના જીવનનો ઉદ્દેશ્ય નક્કી થઇ જાય છે ત્યારે તેના જીવન મૂલ્યોનું પણ નિર્ધારિત થઇ જાય છે. જીવનનાં ઉદ્દેશ્યથી જ્યાં જીવનને લગતા મૂલ્યો નક્કી થાય છે, ત્યાં જ ચારિત્ર્યને લગતા ગુણો પ્રગટ થવા લાગે છે. આવા ચારિત્ર્ય ગુણોમાં એક ગુણ છે – શૌર્યભાવ. ભારતીય સાહિત્ય વિશાળ અને વિરાટ છે. તેમાં બધા ભાવ તથા બધા જ રસ ભરપૂર માત્રામાં છે. આ સ્વાભાવિક જ છે કારણ કે તે વિરાટ માનવીય જીવનની વિસ્તૃત અવધિમાં સર્જાયેલ સાહિત્ય છે. આ વિશાળ સાહિત્યમાં શૃંગાર, શૌર્ય, ઉલ્લાસ, ભકિત અને શાંત ભાવ મુખ્ય છે. વૈદિક કાળથી જ ભક્તિભાવ તથા વીરભાવ અને આનંદ-ઉલ્લાસના ભાવ આપણા સાહિત્યના મુખ્ય સ્વર રહેલા છે. રામાયણ તથા મહાભારત આપણા પ્રાચીન મહાકાવ્યો છે. વેદો તો અધ્યાત્મ અને જ્ઞાનના ગ્રંથ અને મંત્ર છે, આથી તેમને સામાન્ય રીતે ફક્ત સાહિત્યના રૂપમાં લેવામાં આવતું નથી, પરંતુ રામાયણ અને મહાભારત તો મહાકાવ્ય છે તેની સાથોસાથ ઇતિહાસ ગ્રંથ પણ છે. રાષ્ટ્રીય સ્વતંત્રતા સંગ્રામના દિવસોમાં બલિદાનની ભાવનાને સૌથી વધારે મહત્વ મળ્યું છે. રાષ્ટ્રીય કાવ્યધારાના એક મુખ્ય પ્રવાહના રૂપમાં આ પ્રવૃત્તિ પણ આપણી સમક્ષ ઊભરી આવે છે.

ઇતિહાસનો ઉજ્જવળ તથા કશમકશ ભર્યો સમયગાળો કેટલાય સર્જકોને આકર્ષિત કરતો રહ્યો છે. તેના ગર્ભમાં છૂપાયેલ પ્રજાની અસ્મિતા અને રાષ્ટ્રની તે અસ્મિતાને ટકાવી રાખવાનો પુરુષાર્થ સર્જકમાં 'ટાઇમ મશીન'માં પ્રવેશ કરવા જેવા પડકાર સમાન હોય છે. ભારતીય સાહિત્યનો ઇતિહાસ સમયને અનુરૂપ અનેક ભાગોમાં વિભાજિત કરવામાં આવેલ છે. લગભગ સમગ્ર ભાષાઓના સાહિત્યનું મૂલ્યાંકન યુગોને અનુરૂપ કરવાનો રિવાજ જ બની ગયો છે. પ્રત્યેક યુગમાં રચવામાં આવેલ ગદ્યસાહિત્ય - કથા, નવલકથા, નાટક, કાવ્ય, નિબંધ વગેરેની પોત-પોતાની અલગ અલગ વિશેષતાઓ તથા કથાનક રહ્યું છે. પ્રત્યેક યુગના સાહિત્યમાં તત્કાલીન રાજકીય, આધ્યાત્મિક, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક પરિસ્થિતિઓનું યોગદાન રહ્યું છે. ઈ.સ. ૧૮૫૭ના સ્વતંત્રતા સંગ્રામે ભારતમાં રાષ્ટ્રીય ચેતનાને જન્મ આપ્યો હતો. તે સમયગાળામાં રચવામાં આવેલ સાહિત્યમાં દેશપ્રેમ, એકસૂત્રતા, આત્મ બલિદાન અને સંઘર્ષની સાથે જ અંગ્રેજી શાસનની નિરંકુશતા, મનમાની, અત્યાચાર વગેરેના દર્શન થાય છે. જો કે અંગ્રેજી શાસનનાં સમયમાં જ ૨૦મી સદીના પૂર્વાર્ધના સમયગાળાના સાહિત્યમાં વિષય તથા વિચાર બંને જુદા જુદા અર્થોમાં પ્રગટ થાય છે.

ભારતીય લોકમાનસ પોતાના પૌરાણિક પાત્રો અને પોતાના લોકપરંપરાગત વારસાથી સમૃદ્ધ થઇ રહ્યો છે. ભારતની ભૂમિને યજ્ઞભૂમિ, કર્મભૂમિ અને શૌર્યભૂમિ એમ જ નથી કહેવાઈ. અહીંયા ઋષિ મુનીઓની સાથે-સાથે જ્ઞાન-વિજ્ઞાનની એક લાંબી પરંપરા રહી છે, સાથો સાથ પોતાના દેશ-ધર્મને ખાતર પોતાના પ્રાણનું બલિદાન કરનાર શૂરવીરોની એક લાંબી શૃંખલા છે. પોતાનાં કાર્યોથી, ચારિત્ર્યથી અને શૌર્યથી અહીંના લોકોએ ભારતને વિશ્વગુરુનો દરજ્જો અપાવ્યો છે. ભારતની માટીનો કણ-કણ, ગામ-ગામ, શહેર-શહેર તથા પ્રત્યેક બાળક-બાળક અહીંના શૌર્યનાં તપથી વિભૂષિત છે. આથી જ કહેવાયું છે કે –

चन्दन है इस देश की माटी, तपोभूमि हर ग्राम है ।
हर बाला देवी की प्रतिम, बच्चा-बच्चा राम है ।।

આપણી જે પ્રાચીન કાવ્ય પરંપરા છે, તેનો મુખ્ય આધાર તો ઈતિહાસ જ રહ્યો છે. આચાર્યો એમ કહ્યું છે કે પહેલાના શ્રેષ્ઠ રાજાઓનાં શ્રેષ્ઠ ચરિત્ર અને સુયશનું જે પ્રતિબિંબ લોક-માનસમાં રાજાઓનાં ન રહેવા છતાં પણ જીવંત રહે છે તે શ્રેષ્ઠ ચારિત્ર્યનું ગાયન કાવ્ય કરે છે. આ પ્રકારે ભારતીય આચાર્યોનો સ્પષ્ટ મત છે કે સાહિત્ય સમાજના શુભ-અશુભ બધા રૂપોનું પ્રતિબિંબ કરતું નથી, એટલે કે સામાન્ય અર્થમાં સાહિત્ય સમાજનો આયનો નથી, તે વિકૃતિઓનું પ્રતિબિંબ નથી. તે શ્રેષ્ઠ સદાચાર, વીરતા, તેજસ્વીતા, ઉત્કર્ષ, ઉત્પત્તિના ઇતિહાસનું, સત્ય ઘટનાઓનું યશોગાન છે. રસમય કીર્તન છે, સુંદર ચિત્રણ છે. તે સમાજના વાસ્તવિક, ઐતિહાસિક શુભનું દર્પણ છે. સાહિત્ય સમાજની વિકૃતિઓનું કે વ્યક્તિ મનની વિકૃતિઓનું દર્પણ પણ નથી. આથી જ તો આપણા દેશમાં સર્વશ્રેષ્ઠ મહાકાવ્ય છે. તે ભારતીય ઇતિહાસની વાસ્તવિક ઘટનાઓનું રસાત્મક આખ્યાન, ગાયન અને કીર્તન છે. ભગવાન શ્રી રામ અને યોગેશ્વર શ્રી કૃષ્ણની વીરતા, તેજસ્વીતા, જ્ઞાન, કૌશલ, ઐશ્વર્ય, વૈભવ, દીપ્તિ, કાન્તિ, પરાક્રમ, નીતિ, ન્યાય, શાસન અને અનુશાસનનું ગાયન ક્રમશઃ રામાયણ અને મહાભારત છે. તેજસ્વીતાનું એક રૂપ શૌર્ય છે. યુદ્ધ મેદાનમાં જોવા મળતું શૌર્ય અથવા શક્તિ પ્રદર્શન અહીંયા અભિપ્રેત નથી. પોતાના જીવન ધ્યેય ઉપર અવિચલ નિષ્ઠા રાખતા મુશ્કેલીઓનો સામનો કરતા રહેવું તે જ શૂરવીરતાનું પ્રમુખ લક્ષણ છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પોતાના વિચારો પર અડગ રહેવું એ જ શૂરવીરતા છે. શૌર્ય ત્યાગમાં છે, સ્વાભિમાનમાં છે, પ્રેરણામાં છે તથા સેવામાં પણ છે.

આપણા સાહિત્યમાં ઐતિહાસિક મહાપુરૂષો– ચંદ્રગુપ્ત મૌર્ય, સમ્રાટ અશોક, ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય, સમુદ્રગુપ્ત, સ્કન્દગુપ્ત, સનાતન ધર્મનો મહાન રક્ષક પુષ્યમિત્ર શૃંગ, હર્ષવર્ધન, રાજ્યવર્ધન, વત્સરાજ, પૃથ્વીરાજ ચૌહાણ, ચંદ્રદેવ, ગોવિંદચંદ્ર વગેરે મહાપ્રતાપી ભારતીય રાજાઓની શૂરવીરતા તથા પરાક્રમ પર ફક્ત ભારત જ નહીં પરંતુ વિશ્વભરના વિદ્વાનોએ સાહિત્ય સર્જન કર્યું છે. હર્ષવર્ધન સ્વયં સાહિત્યકાર હતો. તેણે 'પ્રિયદર્શિકા', 'રત્નાવલી' તથા 'નાગાનંદ' જેવા ત્રણ ગ્રંથોનું સર્જન કર્યું હતું. બાણભટ્ટ હર્ષવર્ધનના દરબારી કવિ હતા. તેમણે 'હર્ષચરિત', 'કાદંબરી' વગેરે કૃતિઓની રચના કરી હતી. જેમાં સમ્રાટ હર્ષવર્ધનના શૌર્યનું ચિત્રણ મળે છે. ભારતમાં હર્ષવર્ધન પછી પ્રમુખ રાજવંશોમાં ચૌહાણ, પરમાર, ગુર્જર, પ્રતિહાર, ચંદેલ, ગહડવાલ વગેરેએ પોતાના રાજ્યો સ્થાપિત કર્યા હતા. પૃથ્વીરાજ ચૌહાણના દરબારમાં જયાનક ભટ્ટ, વિદ્યાપતિ ગૌડ, પૃથ્વી ભટ્ટ, વાગીશ્વર તથા ચંદ બરદાઈ વગેરે વિદ્વાન કવિઓ હતા. કવિ ચંદ બરદાઈએ 'પૃથ્વીરાજ રાસો' નામનું અપભ્રંશ મહાકાવ્ય તથા જ્યાનકે 'પૃથ્વીરાજ

વિજય' નામના સંસ્કૃત કાવ્યની રચના કરી હતી. 'હમ્મીર' મહાકાવ્યમાં પણ ચૌહાણ વંશના શૌર્યપૂર્ણ ઇતિહાસનું વર્ણન કરવામાં આવ્યું છે. ગહડવાલ વંશના રાજા જયચંદ્રના દરબારમાં પ્રખ્યાત કાશ્મીરી વિદ્વાન શ્રી હર્ષ  હતા, જેમણે 'નૈષધચરિત'ની રચના કરી હતી. માળવાના પરમાર નરેશોનાં દરબારમાં રહેતા પદ્મગુપ્ત, ધનંજય, ધનિક, હલાયુધ જેવા મહાન વિદ્વાનોએ શૂરવીરતાનું ચિત્રણ કર્યું છે. પદ્મગુપ્ત દ્વારા રચિત 'નવસાહસાંક ચરિત્રમ' તેમાંનું એક છે. મહારાજા ભોજ પોતાની વિદ્વત્તાના કારણે 'કવિરાજ'ની પદવીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે વિવિધ વિષયો જેવા કે– ચિકિત્સાશાસ્ત્ર,  ખગોળશાસ્ત્ર, ધર્મ, વ્યાકરણ,  સ્થાપત્ય શાસ્ત્ર વગેરે પર ૨૦ થી વધારે ગ્રંથોની રચના કરી હતી,  ત્યાર બાદ ગુજરાતના ચૌલુક્ય અથવા સોલંકી વંશ આવે છે. આ વંશના શાસક જૈન ધર્મના પોષક તથા સંરક્ષક હતા. જેમાં જૈન લેખક હેમચંદ્ર રચિત 'દ્રવ્યાશ્રય' કાવ્ય, મેરુતુંગ કૃત 'પ્રબંધ ચિંતામણી' તથા સોમેશ્વર કૃત 'કીર્તિ કૌમુદી' વગેરે ઉલ્લેખનીય છે.

માનવજીવન પ્રકૃતિના ત્રણ ગુણો સત્વ, રજસ અને તમસથી સંચાલિત છે. ત્રણે ગુણોનું સમન્વિત સ્વરૂપ સામાન્ય મનુષ્યની ક્રિયાશીલતાનો આધાર છે તથા તે સજ્જન અને દુર્જનના ભેદનું કારણ પણ બને છે 'શૌર્ય' શબ્દ માનસિક પ્રતિરોધાત્મક શક્તિનું પ્રતિબિંબ તથા વીરત્વનું પ્રતિક છે. ભારતીય કાવ્યશાસ્ત્ર મુજબ 'રસ' કાવ્યનો આત્મા છે. નવ રસોમાં વીરરસ અગ્રેસર છે, પરંતુ શૃંગાર રસ મુખ્ય પ્રધાન છે. વીર રસમાં જ શૌર્યનો સમાવેશ થઈ જાય છે. નાટ્ય આચાર્ય ભરતે દર્શાવ્યું છે કે, વીર રસનો સ્થાયીભાવ ઉત્તમ પ્રકૃતિનો 'ઉત્સાહ' હોય છે. આ રસ બળ, પરાક્રમ, શક્તિ, પ્રતાપ અને પ્રભાવ વગેરે સ્થાયીભાવોને ઉત્પન્ન કરનાર વસ્તુ દ્વારા ઉત્પન્ન થાય છે. આનાથી સ્પષ્ટ થઈ જાય છે કે શૂરવીરતામાં જ પરાક્રમ, શક્તિ તથા પ્રતાપ એટલે કે – શૌર્ય સમાયેલું છે. આ લોકશાહીના યુગમાં પણ ભારતમાં ઈ.સ ૧૯૪૮, ઈ.સ.૧૯૬૨, ઈ.સ.૧૯૬૫ અને ઈ.સ.૧૯૭૧ માં પાકિસ્તાન તથા ચીનની સાથેના યુદ્ધના કારણે કવિઓ – પત્રકારોએ શૌર્યનું સ્વાગત કર્યું હતું. આજે પણ આતંકવાદના વધતા જતા ભયના કારણે ભારતીય શૌયની અપેક્ષા સતત વધતી રહી છે. આ દેશનો એક પક્ષ રાષ્ટ્રભક્તિ તથા શૌર્યાવૃત્તિને નબળી કરવાનો પ્રયાસ કરે છે, જયારે બીજો પક્ષ-રાષ્ટ્રભક્તિથી સજીવન થયેલ રાષ્ટ્રવાદ આ ભારતીય શૌર્યને જાગૃત કરવામાં સક્રિય છે. આપણે ફક્ત ભૂતકાળની કાવ્ય પરંપરાના તાદૃશ્ય વીરરસની ચર્ચા કરતા રહેતા નથી, પરંતુ રાષ્ટ્રભક્તિથી  સજીવન થયેલ હોય તેવું સમર્પણ, સંઘર્ષ અને બલિદાન સતત અપેક્ષિત છે.

આ સર્વ સામાન્ય છે કે ક્રૌંચવધથી ઉત્પન્ન શોકે 'શ્લોક'ને જન્મ આપ્યો હતો. આદિકવિ વાલ્મીકિએ આ જ છંદમાં 'રામાયણ' ની રચના કરી હતી. આ આદિકાવ્ય 'રામાયણ'ની મુખ્ય ઘટના રામ-રાવણ યુદ્ધ છે. આ પ્રસંગથી એ સ્પષ્ટ થઇ જાય છે કે દુઃખથી શ્લોક  ઉત્પન્ન  થઇ શકે છે, પરંતુ શ્લોક છંદની ઉપયોગિતા શૌર્યના આલેખનમાં જ છે. આથી જ કહી શકાય કે શૌર્ય માનવ જીવનનું પ્રથમ સત્ય છે. રાષ્ટ્રજીવનનું અપેક્ષિત સત્ય છે. આથી કાવ્યનો મહત્વપૂર્ણ આધાર છે. શૌર્યનો અર્થ ક્રૂરતા અને બર્બરતા નથી. તે તો સંઘર્ષની દિવ્યકલા છે, આથી  લક્ષ્મણ - મેઘનાદનું યુદ્ધ જોવા માટે બંને પક્ષની સેનાઓ યુદ્ધ બંધ કરે છે. અર્જુન-કર્ણનું યુદ્ધ જોઇને બંને પક્ષની સેનાઓ અટકી જાય છે. પોરસના શૌર્યને જોઇને સિકંદર મંત્રમુગ્ધ થઇ જાય છે. રાણા સાંગાની યુદ્ધકલાથી ભયભીત થઈને બાબર શરાબની પ્યાલીઓને તોડીને શરાબ નહીં પીવાનો સંકલ્પ કરે છે. હલ્દીઘાટી મેવાડના મહારાણા પ્રતાપના શૌર્યનું અમર સ્મારક છે. રાણી

દુર્ગાવતીની શૂરવીરતાનો પડઘો જબલપૂરની પહાડીઓમાં ગૂંજે છે અને સહ્યાદ્રિ  શિવાજીની યુદ્ધકલા પર મુગ્ધ છે. ઈ.સ. ૧૯૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામ લક્ષ્મીબાઈ તથા કુંવરસિંહનાં શૌર્યની શિરોરેખા છે. ઈ.સ ૧૯૪૮માં કાશ્મીર ઘાટી,  ઈ.સ. ૧૯૬૨માં અસમ – અરુણાચલનો ઘાટ તથા ઈ.સ. ૧૯૬૫ અને ઈ.સ. ૧૯૭૧ના પાકિસ્તાનની સાથેનાં ભીષણ યુદ્ધ-વિશ્વનાં ઇતિહાસમાં ભારતીય શૌર્યની રોમાંચકારી કથાઓ છે. પ્રત્યેક કથા એક શૌર્યકાવ્ય છે, મહાકાવ્ય છે. તે વર્ષો સુધી સ્વાતંત્ર્ય પ્રેમી ભારત દેશની નસોમાં અમૃતરૂપે સંચાર કરશે.

વિશ્વના પ્રાચીન સાહિત્ય ઋગ્વેદમાં શૌર્યનું વર્ણન છે. વૈદિક દેવતાઓમાં બીજું સ્થાન ઈન્દ્રનું છે. ઋગ્વેદનાં ચોથા ભાગના મંત્રોમાં ઇન્દ્રના શૌર્યનું વર્ણન છે. તેમના જ શૌર્ય અને વિજયથી વેદોની ભૂમિ સપ્તસિંધુનું રક્ષણ થયું હતું, આથી તે ‘દેવરાજ’ તરીકે ઓળખવામાં આવ્યા હતા. તેમની પૂજા દ્વાવપર યુગ સુધી ચાલુ રહી હતી. સાહિત્યશાસ્ત્રના આચાર્યો એ મહેન્દ્રને વીરરસના દેવતા માન્યા હતા. આચાર્ય વિશ્વનાથના મતે વીરરસનો સ્થાયીભાવ ‘ઉત્સાહ’, દેવતા ‘મહેન્દ્ર’ અને રંગ ‘સુવર્ણ’ના જેવો દ્રશ્યમાન હોય છે. શૂરવીરના શૌર્ય રસથી ઉત્પન્ન વીરરસને આચાર્ય એ શ્રેષ્ઠ તથા ઉજ્જવળ માન્યો છે. આથી જ તો આદિકવિ પોતાના મહાકાવ્યના નાયક શ્રીરામને બનાવે છે.

કાવ્યશાસ્ત્રના આચાર્યોએ કાવ્યમાં વીર તથા રૌદ્ર રસની રસ અભિવ્યક્તિ માટે શૂરતાને અતિ આવશ્યક આત્મગુણ તરીકે સ્વીકાર કરેલો છે. ગુણ નિરૂપણ પ્રસંગમાં આચાર્યએ સ્પષ્ટ કર્યું છે કે જેવી રીતે શૌર્ય વગેરે ગુણ આત્માના ગુણ હોય છે તેવી જ રીતે સુંદરતા, તેજ અને પ્રસાદ ગુણ કાવ્યનો આત્મરસનો ધર્મ હોય છે અને તે ગુણ રસ (આત્મા)ની સાથે સ્થાયી રૂપથી રહે છે તથા આત્મા ઉત્કર્ષની વૃદ્ધિ કરે છે.

ये रासस्याडिगनो धर्मा: शौर्यादय इवात्मन : ।
उत्कर्षहेतवस्ते स्युरचलस्थितयो गुणा : ।।
(काव्यप्रकाश ८ /६६)

શૌર્ય મનુષ્યનો આત્મા સંબંધી ગુણ છે, કે જે સમવાય સંબંધથી રહે છે. તેની શારીરિક પ્રતીતિ ફક્ત ઔપચારિક છે.

आत्मन : एव ही यथा शौर्यादय ना कारस्य
(काव्यप्रकाश)

આથી લોક વ્યવહારમાં કયાંક શૌર્યને યોગ્ય, મોટું શરીર (આકાર) રાખનારા અસુરને પણ શૂરવીર કહી દે છે તથા નાનું શરીર હોવાથી શૂરવીરને અસૂર કહી દે છે. આથી આત્મ-મર્યાદાને સમજાવવાવાળા એ જાણે છે કે શૂરવીરતા મનુષ્યનો આત્મગુણ છે. જે સમગ્ર શરીર દ્વારા પ્રગટ થાય છે. આચાર્ય મમ્મટના અનુસાર–

“ दिप्त्यात्मविस्तृतेर्हेतुरोजो वीर रसस्थिति ”

એટલે કે, શૌર્યની અવસ્થામાં અથવા શૂરવીરતામાં આત્માનો વિસ્તાર એટલે કે વધારે ઉત્સાહ અને ક્રોધ સંમિશ્રિત જે સ્થિતિ હોય છે તે આત્માને ઉત્તેજિત કરે છે. પરિણામ સ્વરૂપ મનુષ્યમાં એ ભાવ ઉત્પન્ન થઇ જાય છે કે – ‘કાર્ય સંપન્ન કરવાનું ભલે શરીર નષ્ટ થઇ જાય છે.’ આ પ્રકારના પ્રજ્વલિત ભાવોને કાવ્યમાં ‘દીપ્તી-ગુણ’ કહે છે અને આ ગુણ જ તેજ ગુણનો

સંવાહક હોય છે, જેનાથી વીર અને રૌદ્ર રસોની અભિવ્યકિત થાય છે. 'શૌર્ય' શબ્દ સૂરથી બનેલો છે. જેનો અર્થ છે - શૂરતા, વીરતા પરાક્રમ, બળ, તાકાત, "शूरत्वस्य भांव शौर्यम्।" (શૂરાતનો જેમાં ભાવ હોય, તે શૌર્ય)

આથી ભારતીય ઋષિની દ્રષ્ટિમાં શૌર્યનું મૂળ 'કલ્યાણ' છે. માનવ યોગ્ય ગુણો તથા ભાવનાઓનું સમય અનુકૂળ કલ્યાણ માટેનું પ્રદર્શન જ શૌર્ય છે. શૌર્ય પ્રદર્શનમાં સામર્થ્યની અપેક્ષા એ દૃઢ ઈચ્છાશકિત (સંકલ્પ) વધારે શ્લાઘનીય છે. આ જ કારણ છે કે ભારતીય લોક માનસ રામસેતુના નિર્માણ માટે મોટા મોટા પાષણ ખડકોને ખેંચીને લાવનાર વાનર, રીંછના શૌર્યની અપેક્ષાએ પોતાનાં ભીંના શરીરે સુઈને – આળોટીને રેતી લગાવીને લાવનાર ખિસકોલીનાં ભાવપૂર્ણ શૌર્યને જ વધારે મહત્વ આપે છે. આ જ રીતે પક્ષીરાજ જટાયુ દ્વારા રાક્ષસરાજ રાવણ થી દેવી સીતાને છોડાવા માટે તથા રાવણને સીતાહરણ જેવા અસામાજિક કર્મથી છોડાવવા માટે સમજાવવું, આ પછી યુદ્ધ માટે પડકારવું, પોતાની વૃદ્ધાવસ્થાનું ધ્યાન ન રાખવા રાવણની સાથે યથાશકિત ભયંકર યુદ્ધ કરવું અને યુદ્ધ કરતા અંતે સ્વયંનું બલિદાન આપવું – જટાયુનો આ શૌર્યભાવ ભારતીય લોક માનસમાં હંમેશા શૂરવીરતાનો પ્રસાર કરતો રહેશે અને પરોપકારની પ્રેરણા પણ આપતો રહેશે. રામ ભકત જટાયુંનું આ બલિદાન ભારતીયો માટે અત્યંત મહત્વ રાખે છે. અધર્મ તથા અન્યાયનાં પ્રત્યે પોતાની અવસ્થાને ભૂલીને જટાયુ દ્વારા સ્વયં પોતાનું બલિદાન કરીને જે શૌર્ય પ્રદર્શન કરવામાં આવ્યું છે તે અત્યંત ધ્યાનમાં રાખવા જેવું – દરકાર કરવા જેવું છે.

---

– ડૉ. ભરત ઠાકોર